# જેલના કેદીઓને સાયકોલોજીકલ ટ્રીટમેન્ટ આપવા સરકારને મોકલી પ્રપોઝલ: સાક્ષી પોલ

**સુરતની 22 વર્ષની એક યુવતીએ અલગ અલગ જેલોમાં વિવિધ ગુનાઓની સજા કાપી રહેલા કેદીઓને સાયકોલોજીકલ ટ્રીટમેન્ટ આપવા માટેની પ્રપોઝલ ગુજરાત સરકારને મોકલી છે. આ યુવતીનું કહેવું છે કે જેલના સળિયા પાછળ ધકેલાયેલા કેદીઓ સાથે સાયકોલોજીસ્ટ દ્વારા વન ટુ વન કરીને તેમના મેન્ટલ પ્રોબ્લેમ જાણવામાં આવે કેમ કે તેમણે જે ગુનો કર્યો તે પહેલાં તેઓ કોઈ ને કોઈ ઇનસિડન્ટમાંથી પસાર થયા હોઈ શકે કારણ ક્રિમિનલ બાય બર્થ નથી હોતો કોઈ ઇનસિડન્ટ તેના જીવનમાં બન્યો હોઈ શકે તેની અસર હેઠળ તેણે આવું કૃત્ય કર્યું હોઇ શકે. જો કેદીઓની મેન્ટલ સ્થિતિ જાણવામાં આવે તો સમાજમાં ઘણો ચેન્જ આવી શકે. જો કે સરકારે તેની આ પ્રપોઝલને લઈને હજી વળતો કોઈ જવાબ નથી આપ્યો. જો સરકાર કેદીઓની સાયકોલોજીકલ ટ્રીટમેન્ટ માટે આ યુવતીની નિમણૂક કરે તો તેની તૈયારી પણ આ યુવતીએ રાખી છે. હાલમાં તો તે કરિયર કે પરીક્ષાઓને લઈને તણાવમાં રહેતાં સ્ટુડન્ટ્સનું કાઉન્સેલિંગ કરે છે. આ યુવતી એટલે સાક્ષી પોલ. સુરતમાં સ્કૂલિંગ કર્યા બાદ સાક્ષી ફર્ધર સ્ટડી માટે U.K. ગઈ હતી ત્યાં તેણે ક્રિમિનલ સાયકોલોજીમાં બેચરલની ડીગ્રી મેળવી છે. તેણે U.K.ની પોલીસ સાથે રહીને કેદીઓની સાયકોલોજીને લઈને કયા પ્રોજેક્ટ કર્યા છે, તે સુરતમાં હાલમાં સાયકોલોજી વિષયને લઈને શું કરી રહી છે? ચાલો આપણે સાક્ષીને મળીને વિગતવાર જાણીએ...**



## હાલમાં સ્ટુડન્ટ્સના સ્ટ્રેસને હળવું કરવા કાઉન્સેલિંગ કરું છું: સાક્ષી પોલ

સાક્ષીએ જણાવ્યું કે, ‘‘ઇન્ડિયાનું કલ્ચર એવું છે કે, પેરેન્ટ્સ સ્ટુડન્ટ્સ પર ભણવા માટે પ્રેશર નાખે છે. ઇન્ડિયામાં સ્ટુડન્ટ્સમાં આત્મહત્યાનું પ્રમાણ વધ્યું છે. સ્ટુડન્ટ્સને લાગે છે કે તે પેરેન્ટ્સ ધારે છે તેટલા માર્ક્સ નહીં લાવી શકે તો? કરિયર બનાવવાને લઈને સ્ટુડન્ટ્સ ટેન્શન ફીલ કરે છે. જે વિદ્યાર્થીઓ પોતાનું મન, પોતાનું ટેન્શન હળવું કરવા માંગે છે તેમના સેશન લઈને હું તેમનું હું કાઉન્સેલિંગ કરું છું. હું દાંડી રોડ પરની મિલેનિયમ સ્કૂલમાં ભણી હતી. મેં વિદ્યાર્થીઓને કાઉન્સેલિંગનું કામ આ સ્કૂલથી શરૂ કર્યું હતું. હું સ્કૂલોની વિઝિટ કરીને સ્ટુડન્ટ્સને સ્ટ્રેસ ફ્રી ફીલ કરાવવા માટે સેશન લઉં છું. તેમને ક્લિયર રહેવા માટે અને તેઓ શું કરી શકે તેનું ગાઇડન્સ આપું છું. હું મલ્ટિપલ વર્ક કરું છું. અપમૃત્યુ નિવારણ સહાય અનિસ સાથે હું હમણાં જોડાઈ છું અને અમે ફીમેલ કેદીને સાયકોલોજી સેશનનો પ્લાન કરી રહ્યા છીએ. હમણાંનું જનરેશન બહુ સેન્સિટિવ છે. આ જનરેશન સાંભળી લેવા નથી માંગતું. પેરેન્ટ્સને એવું લાગે છે કે બાળક સમજતું નથી પણ સ્ટુડન્ટ્સ એ લેવલ પર સમજી શકતા હોય છે. પેરેન્ટ્સ વધુ માર્ક્સ માટે બાળક પર વધુ પડતું પ્રેશર નાખે છે. સ્ટુડન્ટ્સને એવું ફીલ થાય છે કે જો ઓછા માર્ક્સ આવ્યા તો પેરેન્ટ્સ હતાશ થશે. આવી સ્થિતિમાં પેરેન્ટ્સ અને બાળકો વચ્ચે બેલેન્સ જરૂરી છે. ક્યારેક એવું પણ દેખાય છે કે છોકરીઓ વધારે ટેન્શન લેતી હોય છે. આપણા સમાજમાં એવું પણ છે કે, છોકરીઓને શીખવાડીએ છીએ કે, આવી જગ્યા પર નહીં જવું, આવું થાય તો કેવી રીતે સાચવવું પણ છોકરી પર દુષ્કર્મ જ્યાંથી શરૂ થાય છે તેને સ્ટોપ કરવા છોકરાઓને એજ્યુકેશન આપવું જોઈએ. છોકરીઓને જેટલું સમજાવાય છે એનાથી વધારે છોકરાઓને સમજાવવાની જરૂર છે. તેના માટે અમે ઇવેન્ટ્સ કરવાના છીએ. મ્યુઝિક કે ડાન્સની ઇવેન્ટ્સ હોય ત્યાં અમે સમજણ માટેની ઇવેન્ટ્સ કરીશું.’’

## ઇન્ડિયાની જેલોમાં ક્રિમિનલ સાયકોલોજીસ્ટ નથી

સાક્ષીએ જણાવ્યું કે, ‘‘અહીંની જેલોમાં ક્રિમિનલ સાયકોલોજીસ્ટ નથી. તેમની નિમણૂક માટેની માંગણી મેં ગયા મહિને ગુજરાત સરકારને પ્રપોઝલ મોકલીને કરી છે. જો મારી નિમણૂક ક્રિમિનલ સાયકોલોજીસ્ટ તરીકે કરવામાં આવશે તો હું પ્રસ્તાવ સ્વીકારીશ. જો કે મેં સરકારને જેલોમાં સાયકોલોજીસ્ટની નિમણૂક માટે ઇ-મેલથી પ્રપોઝલ મોકલી હતી તેમાં મને માત્ર એટલો જ જવાબ મળ્યો હતો કે લેખિતમાં પ્રપોઝલ મોકલવામાં આવે. વિદેશની જેલોમાં કેદીઓ માટે ભણવાની વ્યવસ્થા, દરેક સેલમાં વોશરૂમની સુવિધા પણ છે. મેં સુરતમાં એક સંસ્થામાં પાર્ટનરશીપ ઓફિસર તરીકે કામ કર્યું છે. તેમાં હું વિદેશની યુનિવર્સિટી સાથે ટાઇઅપ કરું અને ઇન્ડિયના સ્ટુડન્ટ્સને ભણવા મોકલવામાં મદદ કરું. ક્રિમિનલ સાયકોલોજીનું ફિલ્ડ ડિફરન્ટ ફિલ્ડ છે. 24 કલાક ક્રાઇમથી સરાઉન્ડેડ છે આથી તે મેન્ટલ હેલ્થ પર અસર કરે. અમે UKમાં કેદીની મેન્ટાલિટી જાણવા વન ટુ વન કરતા. ત્યાં અમને મેડિટેશન આપવામાં આવતું. ત્યાં કેદી અને સાયકોલોજીસ્ટ વચ્ચે એક કાચની આડાશ રાખવામાં આવતી એટલે સાયકોલોજીસ્ટની સેફ્ટી રહે. વારંવાર એકના એક સવાલ કેદીને કરાય તો તે



## સાયકોલોજી વિષયમાં કેમ છે ઇન્ટરેસ્ટ?

સાક્ષીનું વ્યક્તિત્વ અલગ તરી આવે છે. જ્યારે સન્નારીની ટીમે તેનો ક્રિમિનલ સાયકોલોજી વિષયને લઈને ઇન્ટરવ્યૂ કર્યો ત્યારે શરૂઆતમાં જ થોડી શોર્ટ હાઇટ અને સ્લિમ બોડીની સાક્ષીએ કહ્યું, ‘‘તમને મારા માથાના વાળ જોઈને આવા હેર કેમ તેવો પ્રશ્ન થયો હશે. તો હું જણાવું મારા આ હેર જન્મથી જ છે. આવા વાળને બામ્બુ હેર કહે છે. તે કર્લી પણ ખૂબ જ ટૂંકા અને ગાંઠવાળા દેખાય છે. આવા વાળ સાઉથ આફ્રિકાના લોકોના હોય છે. ગુજરાતના એક ગામમાં પણ આવા હેરવાળા લોકો છે. ડોક્ટરનું કહેવું છે કે, મારા વાળ આવા છે તો કદાચ બહુ જૂનું જિનેટિક્સ અત્યારે ડેવલપ થયું હોય. મેં 11મું અને 12મું આર્ટ્સ હ્યુમેનિટીઝમાં કર્યું છે ત્યારથી મને સાયકોલોજીમાં ઇન્ટરેસ્ટ છે. મારી બાળપણથી એવી પર્સનાલિટી રહી છે કે હું જ્યારે કોઈની સાથે વાત કરું ત્યારે સામેની વ્યક્તિ મારી સમક્ષ મન ખોલીને તેની ફીલિંગ્સ શેર કરી શકે. ભલે ને તે માણસને હું બહુ લાંબા સમયથી ના ઓળખતી હોઉં. તે વ્યક્તિ તેની ફીલિંગ્સ શેર કરે તો મને ખ્યાલ આવી જાય છે કે તે વ્યક્તિના મગજમાં શું ચાલી રહ્યું છે. મને લોકો સાથે વાતો કરવી ગમે છે. મારી આ પર્સનાલિટી રહી છે. આ રીતે સાયકોલોજીમાં મને પહેલાથી જ ઇન્ટરેસ્ટ છે એટલે મેં જે કોર્સ સિલેક્ટ કર્યો હતો તે એક નિશ કોર્સ છે જે સ્પીચને લઇને હોય છે. જેના વિશે ઘણા લોકોને ખબર નથી. 2021 માં હું ક્રિમિનલ સાયકોલોજીમાં બેચરલની ડિગ્રી મેળવવા UK ગઈ હતી. 2024 માં સુરત પાછી ફરી ફેમિલીના કોઈ પર્સનલ રિઝનથી. હવે હું આ જ વિષયમાં માસ્ટરની ડિગ્રી મેળવવા પાછી UK જવાની છું.’’

## UKની પોલીસ સાથે રહી ઘણા ક્રિમિનલ્સના ઇન્ટરવ્યૂ કર્યા

સુરતના અડાજણ વિસ્તારમાં રહેતી સાક્ષી પોલે સુરતની ગોપીપુરા વિસ્તારની ગર્લ્સ સ્કૂલમાં અને પછી દાંડી રોડ પરની સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો. 12મા ધોરણ સુધીનો સ્ટડી સુરતમાં કર્યા બાદ તેણે ગ્રેજ્યુએશન UKની યુનિવર્સિટીમાં કમ્પ્લીટ કર્યું. ક્રિમિનલ સાયકોલોજી વિષયમાં તેણે બેચલરની ડિગ્રી મેળવી હતી. સ્ટડી રિલેટેડ પ્રોજેક્ટના ભાગરૂપે તેણે ત્યાંની પોલીસ સાથે પણ કામ કર્યું અને ઘણા ક્રિમિનલ્સના ઇન્ટરવ્યૂ કર્યા. સાક્ષીએ જણાવ્યું કે બીજી કન્ટ્રીઝમાં આરોપીને તેની મેન્ટલ હેલ્થને ધ્યાનમાં રાખીને સજા કરવામાં આવે છે. અગર ક્રિમિનલ મેન્ટલી બીમાર છે કે મેન્ટલી ડિસઓર્ડર છે અને તેને કારણે તેણે ગુનો કર્યો હોય તો તે આરોપીને રિહેબિલિટેશન સેન્ટરમાં મોકલવામાં આવે છે પણ તેની માનસિક સ્થિતિ સારી છે અને તેણે ગુસ્સામાં કે વેરઝેરમાં ગુનાહિત કૃત્ય કર્યું છે તો જેલમાં મોકલી આપવામાં આવે છે. મેં UKમાં આવા બે-ત્રણ કેસ હેન્ડલ કર્યા છે. એક કેસમાં એક ભાઈએ તેની પાંચ મહિનાની દીકરી અને તેની પત્નીની હત્યા કરી હતી. તેની મેન્ટલ હેલ્થને જાણતા ખ્યાલ આવ્યો હતો કે તે ભાઈને બાળપણમાં તેની માતા ટોર્ચર કરતી હતી એટલે તેને સ્ત્રીઓ પ્રત્યે ગુસ્સાની લાગણી હતી. આવા કેસમાં ગુનો કરનારને રિહેબમાં મોકલે જે જેલની જેમ જ કોર્ડન કરેલી હોય પણ આરોપી છૂટથી ત્યાં ફરી શકે છે. તેને કોટડીમાં બંધ નથી રાખવામાં આવતો.

